પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૮, કુલ પાના:૪, તારીખ: ૨૩-૦૯-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 28 PRICE :-RS. 1.50 DATE : 23-09-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૫ હજારથી વધુ કેસ, દૈનિક કેસમાં ઘટાડો

## સફળતા: છેલ્લા ૨૪ કલાકમાં ૧ લાખથી વધુ કોરોના દર્દી સ્વસ્થ થયા

ન્યુ દિલ્હી,

પાછલા ૨ મહિનામાં રોકેટ ગતિએ કોરોના વાયરસના કેસ ભારતમાં વધી રહ્યા છે. ચિંતાનો વિષય એ છે કે કેસની સંખ્યા વધવાની સાથે રોજ ૧૦૦૦ કરતા વધુ લોકોના મોત નોંધાઈ રહ્યા છે. આવામાં ટેસ્ટની સંખ્યામાં પણ સતત વધારો કરવામાં આવી રહ્યો છે કે જેથી વાયરસને અન્ય લોકો સુધી ફેલાતો અટકાવી શકાય. ભારતમાં મંગળવારે કોરોના વાયરસના કેસનો આંકડો ૫૫ લાખને પાર થઈ ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે એક દિવસમાં ૧,૦૧,૪૬૮ દર્દીઓ સાજા થઈ ગયા છે, જેની સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૪૪,૯૭,૮૬૭ થાય છે અને રિકવરી રેટની ટકાવારી ૮૦.૮૬% થાય છે.



ભારતમાં કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા ૫૫,૬૨,૬૬૩ પર પહોંચી છે, આ સાથે પાછલા ૨૪ કલાકમાં વધુ ૭૫,૦૮૩ કેસ નોંધાયા છે, જ્યારે મૃત્યુઆંક વધીને ૮૮,૯૩૫ થયો છે જેમાં સવારે ૮ વાગ્યા સુધીમાં અપડેટ કરાયેલા આકડા પ્રમાણે ૧,૦૫૩ દર્દીઓએ વાયરસના કારણે જીવ ગુમાવ્યો છે.

ભારતનો કોરોના વાયરસનો ફર્ટિલિટી રેટ ૧.૬૦% થયો છે. દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૯,૭૫,૮૬૧ પર પહોંચ્યો છે, એટલે દેશના કુલ કેસના ૧૭.૫૪% એક્ટિવ કેસ છે.


ભારતમાં કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૭ ઓગસ્ટના રોજ ૨૦ લાખ પર પહોંચ્યો હતો, જે પછી ૨૩મી ઓગસ્ટના રોજ તે ૩૦ લાખ પર અને આ મહિનાની શરુઆતમાં ૫ સપ્ટેમ્બરના રોજ ૪૦ લાખ થયો હતો, અને ૧૬ સપ્ટેમ્બરના રોજ દેશમાં કુલ કેસનો આંકડો ૫૦ લાખ થયો હતો.

આઈસીએમઆર મુજબ દેશમાં ૨૧ સપ્ટેમ્બર સુધીમાં ૬,૫૩,૨૫,૭૭૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૯,૩૩,૧૮૫ લોકોના ટેસ્ટ સોમવારે કરવામાં આવ્યા છે. ભારતમાં કોરોનાના કેસોએ ૭ ઓગસ્ટના રોજ ૨૦ લાખનો આંકડો પાર કર્યો હતો, જ્યારે ૨૩ ઓગસ્ટના રોજ ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરના રોજ ૪૦ લાખ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ આ આંકડો ૫૦ લાખને પાર થઈ ગયો. જ્યારે ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદે જણાવ્યું કે, ૨૧ સપ્ટેમ્બર સુધી ૬,૫૩,૨૫,૭૭૯ નમૂનાઓની તપાસ કરવામાં આવી છે, જેમાંથી ૯,૩૩,૧૮૫ નમૂનાઓની તપાસ સોમવારના રોજ કરવામાં આવી છે.

**દેશમાં કુલ કોરોના કેસનો આંકડો ૫૫.૬૨ લાખને પાર, વધુ ૧૦૫૩ દર્દીના મૃત્યુ સાથે મૃત્યુઆંક ૮૮૯૩૫એ પહોંચ્યો**

### કોરોના: આજે વડાપ્રધાન ૭ રાજ્યોના મુખ્યમંત્રી સાથે ચર્ચા કરશે

દેશમાં કોરોનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. કેટલાક રાજ્યોમાં સ્થિતિ વણસી રહી છે. છત્તીસગઢ અને રાજસ્થાને કોરોના પર કાબુ મેળવવા અમુક જિલ્લામાં લોકડાઉન લાદયું છે. આ



દરમિયાન કોરોનાની સ્થિતિને લઈ પીએમ મોદી વીડિયો કોન્ફરન્સ દ્વારા આવતીકાલે ફરી એક વખત સાત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરશે. મુખ્યમંત્રીઓ ઉપરાંત રાજ્યના સ્વાસ્થ્ય મંત્રીઓ પણ ચર્ચામાં સામેલ થશે. દેશમાં મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, પંજાબ અને દિલ્હીમાં કોરોનાનો સૌથી વધારે કહેર જોવા મળી રહ્યો છે. આ પહેલા પીએમ મોદીએ દેશમાં કોરોના મહામારીની હાલત પર ૧૬ અને ૧૭ જૂને મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરી હતી.

## સસ્પેન્ડ થયેલા સાંસદોના ધરણા ખતમ: વિપક્ષ ચોમાસુ સત્રનો કરશે બહિષ્કાર

ન્યુ દિલ્હી,

રાજ્યસભામાંથી સસ્પેન્ડ આઠ સાંસદો બાદ મંગળવાર (૨૨ સપ્ટેમ્બર) પણ હોબાળો ચાલુ છે. આ દરમિયાન સાંસદોએ ધરણા ખતમ કરી દીધા છે. રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરાયેલ ૮ સાંસદોએ આખી રાત ગાંધી પ્રતિમા સામે ધરણા કર્યા હતા. આ દરમિયાન કોંગ્રેસ નેતા અને રાજ્યસભા સાંસદ ગુલામ નબી આઝાદે કહ્યુ કે જ્યાં સુધી અમારા સાંસદોના સસ્પેન્શનને પાછા લેવામાં ન આવે અને ખેડૂતોના બિલો માટેની અમારી માંગો માનવામાં ન આવે ત્યાં સુધી વિપક્ષ ચોમાસુ સત્રમાંથી બૉયકૉટ કરે છે.



તેમણે કહ્યુ કે MSP માટે અમે ત્રણ શરતો રાખી છે જ્યાં સુધી તે પૂરી ન થાય આ બૉયકૉટ ચાલુ રહેશે.

ગુલામ નબી આઝાદે કહ્યુ, જ્યારે આ બિલ લાવી રહ્યા હતા ત્યારે એમએસપી એ વખતે અનાઉન્સ કરવી જોઈતી હતી પરંતુ ના કરી. MSP બાદમાં અનાઉન્સ કરવામાં આવી જેનુ અમે

(અનુ.પાના.નં.૨)

## મધ્યપ્રદેશ સરકાર ખેડૂતોને દર વર્ષે ૧૦,૦૦૦ રૂપિયા આપશે

ભોપાલ,

મધ્ય પ્રદેશમાં વિધાનસભાની ૨૮ બેઠકો પર પેટા ચૂંટણી થવાની છે. એ પહેલા દરેક પાર્ટી મતદારોને રીઝવવાના પ્રયાસોમાં છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહે તો એલાન કર્યુ છે કે, હવે ખેડૂતોને દર વર્ષે ૧૦૦૦૦ રુપિયાની મદદ કરવામાં આવશે.ઉપરાંત ખેડૂતોને વગર વ્યાજની લોન મળશે.આ લોન માટે રાજ્યની સહકારી બેક્રોને ૮૦૦ કરોડની રકમ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવી છે. મધ્યપ્રદેશમાં ભાજપે પોતાની સત્તા જાળવી રાખવી હોય તો ૨૮માંથી ૯ બેઠકો પર ચૂંટણી જીતવી ફરજિયાત છે.આ સંજોગોમાં ભાજપ સરકાર ખેડૂતોને પોતાની તરફ કરવા માટે પ્રયાસો કરી રહી છે. બીજી તરફ શિવરાજસિંહ ચૌહાણે એક ચૂંટણી સભામાં કહ્યુ હતુ કે, હું ટેમ્પરરી મુખ્યમંત્રી છું અને જો પેટા ચૂંટણીમાં નહીં જીતુ તો ટેમ્પરરી જ બની જઈશ.તમે જીતાડશો પછી હું પરમેનન્ટ મુખ્યમંત્રી બનીશ.

## રાજ્યસભામાં બેંકિંગ રેગ્યુલેશન બિલ-૨૦૨૦ પાસ

ન્યુ દિલ્હી,

લોકસભા બાદ રાજ્યસભાએ પણ આજે બેંકિંગ રેગ્યુલેશન (સંશોધિત) બિલ ૨૦૨૦ એટલે કે બેંકિંગ વિનિમય(સુધારા) બિલને પાસ કરી દીધુ છે. આ પહેલા કેન્દ્ર સરકારે મોનસુન સત્ર દરમિયાન બુધવારે લોકસભામાં બેંકિંગ વિનિમય સંશોધન બિલ, ૨૦૨૦ પાસ કરી દીધુ હતુ. આ દરમિયાન લોકસભામાં નાણામંત્રીએ કહ્યુ કે બેંકિંગ વિનિમય(સુધારા) બિલ સહકારી બેંકોને નિયંત્રિત નથી કરતુ. સહકારી બેંકોના વિનિયમન ૧૯૬૫થી જ આરબીઆઈ પાસે છે. અમે કંઈ નવુ નથી કરી રહ્યા. જે નવુ કરી રહ્યા છે તે જમાકર્તાઓના હિતમાં છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૧૩ પોઝિટિવ કેસ આવતાં કુલ ૯૪૪ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ૧૩ કોરોના રીપોર્ટ પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લામાં કોરોના (COVID 19) ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૨-૦૯-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૯૪૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી ૦૬ (છ) દર્દીઓ કોરોનાને મ્હાત આપીને સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૮૦૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૩૯ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૪૬૪૭૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૭૦ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૬ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૦ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૪ દર્દી હોમ આઈસોલેશન, ૧૫ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૧૦ દર્દી SDH સંતરામપુર અને ૧૦ દર્દી અન્ય જિલ્લાઓમાં સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૦૦ દર્દીઓ સ્ટેબલ અને ૦૩ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દી વેન્ટીલેટર પર છે.

## માલપુર તાલુકાના મેવડા ગામનો યુવાન નદી કિનારે ન્હાવા જતાં ડુબી જતાં શોધખોળ ચાલુ

કડાણા,

કડાણા ડેમનો નજારો જોવા માટે માલપુર તાલુકાના મેવડા ગામના યુવાનો તા.૨૦ ના રોજ આવ્યા હતા. કેટલાંક યુવાનો ડેમના નીચવાસમાં નદી કિનારે ન્હાવા માટે વ્હેણમાં પડ્યા હતા. જેમાં એક યુવાન ડુબી જતા તેની ભારે શોધખોળ હાથ ધરાઈ હતી.

કડાણા ડેમના હાઈડ્રો યુનિટ ચાલુ હોય નદીમાં પાણીનો પ્રવાહ છોડવામાં આવી રહ્યો છે. નદીના નીચાણવાળા વિસ્તારમાં જ્યાં હાઈડ્રોનુ પાણી નદીમાં ભારે વ્હેણ સાથે છોડાય છે. ડેમના નીચાણવાળા વિસ્તારમાં મહી નદીમાં ભારે વ્હેણ સતત જોવા મળે છે. માલપુર તાલુકામાંથી ડેમ નિહાળવા માટે આવેલા યુવાનો પૈકીના કેટલાંક યુવાનો ન્હાવા માટે પડ્યા હતા. જેમાં પરમાર પ્રફુલ જયંતભાઈ પણ ન્હાવા માટે પડ્યો હતો. જેની લાંબા સમય સુધી દેખભાળ ન મળતા તે મહિ નદીના પ્રવાહમાં ડુબી જવાની ઘટના બનતા સ્થાનિક તરવૈયાઓની મદદથી તેની મોડી સાંજ સુધી શોધખોળ કરવામાં આવી હતી. મોડી સાંજ બાદ ટીમો પણ શોધખોળમાં જોડાઈ હતી. પરંતુ બીજા દિવસે બપોર સુધી પણ આ યુવાન નદીના પ્રવાહમાંથી મળી આવ્યો ન હતો.

## સંતરામપુર BOB બેંકના ૩ કર્મચારીનો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતાં બેંક બંધ કરાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર બેંક ઓફ બરોડામાં વધુ એક કર્મચારીને કોરોના પોઝીટીવ કેસ આવતાં બેંકનું કામકાજ બે દિવસ બંધ રાખવામાં આવી છે.

સંતરામપુર બેંક ઓફ બરોડામાં અગાઉ એક કર્મચારી કોરોના પોઝીટીવ નોંધાવા પામ્યો હતો. ત્યારે આજરોજ બેંકના એક વધુ કર્મચારીનો કોરોના કેસ પોઝીટીવ આવતાં બેંકનું કામકાજ બંધ રાખવામાં આવ્યું હતું. બે દિવસથી બી.ઓ.બી. બેંકનું કામગીરી ઠપ્પ થઈ ગયું છે. બેંક કર્મચારીનો પોઝીટીવ રીપોર્ટ આવતં બેંકના તમામ કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવેલ છે. જ્યાં સુધી કોરોના રિપોર્ટ નહિ આવે ત્યાં સુધી બેંક ખોલવામાં આવશે નહિ.

## સંતરામપુરના પઢારિયા ગામ નજીક મજુરો ભરેલ લકઝરી બસ રાત્રિના સમયે પલ્ટી જતાં ૨૫ ઉપરાંત મજુરોને ઈજાઓ : બે છોકરીઓની હાલત ગંભીર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના પઢારિયા ગામ નજીક હાઈવે પર મજુરોથી ખીચોખીચ ભરેલી લકઝરી બસ પલ્ટી જતાં ૨૫ થી વધુ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ અને પોલીસને જાણ કરતા ઘટના સ્થળે પહોંચી મુસાફરોને સારવાર માટે લુણાવાડા અને ગોધરા પહોંચાડ્યા હતા. જેમાં મુસાફરી કરતી બે છોકરીઓની હાલત ગંભીર હોવાનુ જાણવા મળ્યુ છે.

દાહોદ જિલ્લાના સંજેલીથી જામનગર જિલ્લાના કાલાવડ ખાતે જતી ખાનગી લકઝરી બસ કે જેમાં મજુરી માટે જતા મજુરો બસમાં ઠાંસીઠાંસીને ભરીને બસ સંતરામપુર પોલીસ હદના પઢારિયા ગામ પાસેથી પસાર થઈ રહી હતી. તે સમયે રાત્રિના ૧૦ વાગ્યાના અરસામાં બસ પલ્ટી જતાં ૨૫ ઉપરાંત મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. મુસાફરોની બુમાબુમથી આજુબાજુના ગ્રામજનો દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને મદદ કરી બહાર કાઢી ૧૦૮ અને પોલીસને તથા સંતરામપુર અને આરોગ્ય વિભાગને જાણ તેમજ મહિસાગર જિલ્લા કલેકટરને જાણ કરતા ઘાયલ મુસાફરોને તાત્કાલિક સારવાર માટે લુણાવાડા કોટેજ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જેમાંથી ૧૦ જેટલા ઘાયલ મુસાફરોને વધુ સારવાર માટે ગોધરા રિફર કરાયા હતા. જેમાં બે છોકરીઓની હાલત ગંભીર જોવા મળી હતી.

ખીચોખીચ મુસાફરો ભરેલી ખાનગી લકઝરી બસ પલ્ટી મારી જતા ૨૫ ઉપરાંત મુસાફરો ઘવાયા હતા. ત્યારે મુસાફરોને પ્રાથમિક સારવાર આપવા કે મદદ કરવાને બદલે બસના ચાલક અને કંડકટર ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. કોરોનાની ગાઈડલાઈનની અવગણના કરી બસમાં ૧૦૦ ઉપરાંત મુસાફરો ખીચોખીચ ભર્યા હતા. જે અંગે સંતરામપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

(પાન નં.૧ નું ચાલુ)

### સસ્પેન્ડ થયેલા સાંસદોના....

સ્વાગત કરીએ છીએ. MSP માટે અમે ત્રણ શરતો રાખી છે જ્યાં સુધી તે પૂરી ન થાય ત્યાં સુધી આ બૉયકૉટ ચાલુ રહેશે. રાજ્યસભા સાંસદ ગુલામ નબી આઝાદે કહ્યુ કે છેલ્લા બે દિવસોમાં જે સંસદમાં થયુ મને નથી લાગતુ કે તેનાથી કોઈ પણ ખુશ છે. કરોડો લોકોને જે રિપ્રેઝન્ટ કરે છે તેને કરોડો લોકો જુએ છે. જે લક્ષ્ય છે અહીં આવવાનુ તે તો પૂરુ થવુ જોઈએ.

કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સૈયદ નાસિર હુસેને કહ્યુ છે કે અમે માત્ર સાંસદોનુ સસ્પેન્શન રદ નથી કરાવવા માંગતા પરંતુ અમારી એ પણ માંગ છે કે ખેડૂત બિલ પાછા લેવામાં આવે અને ફરીથી યોગ્ય મતદાન કરાવવામાં આવે. પરંતુ એ પ્રમાણેનુ કંઈ થવાનુ નહોતુ કારણકે સભાપતિ કોઈની વાત સાંભળવા માટે તૈયાર નહોતા. કોંગ્રેસે મંગળવારે (૨૨ સપ્ટેમ્બર)ના રોજ લોકસભાનુ સત્ર શરૂ થતા પહેલા પોતાના લોકસભા સાંસદોની બેઠક બોલાવી હતી. વળી, રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ૨૦ સપ્ટેમ્બરે કૃષિ બિલો પાસ થવા દરમિયાન વિપક્ષી સાંસદો દ્વારા સંસદમાં તેમની સાથે કરવામાં આવેલ અનિયંત્રિત વ્યવહાર પર એક પત્ર લખ્યો છે.

કોંગ્રેસના રાજૂ સાટવ, સૈયદ નાસિર હુસેન અને રિપુણ બોરા,તૃણમૂલ કોંગ્રેસના ડેરેક ઓ બ્રાયન અને ડોલા સેન, આમ આદમી પાર્ટીના સંજયસિંહ, સીપીઆઈ-એમના કેકે રાગેશ અને એલમારામ કરીમને એક સપ્તાહ માટે રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા. રાજ્યસભાના સભાપતિ એમ વેંકૈયા નાયડુએ રવિવાર (૨૦ સપ્ટેમ્બર)ના રોજ સંસદમાં હોબાળો કરવા અને ઉપસભાપતિ હરિવંશ સાથે દૂર્વ્યવહાર કરવા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

## કોમ્યુનિટી હેલ્થ ઓફિસરની જાતિય સતામણી થતા ચકચાર

બાલાસિનોર,

બાલાસિનોર નગરમાં આવેલી કે.એમ.જી.હોસ્પિટલમાં આવેલા નવા બિલ્ડિંગને કોરોનાની વૈશ્વિક મહામારી દરમિયાન કોરોના પોઝીટીવ આવેલા દર્દીઓ માટે કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે છેલ્લા ૬ મહિના ઉપરાંતથી ઉપયોગમાં લેવામાં આવી રહી છે. ત્યારે કોવિડ-૧૯ હોસ્પિટલમાં ફરજ બજાવતા ફાર્માસ્ટિએ ફરજ પર કોમ્યુનિટી હેલ્થ ઓફિસરની જાતિય સતામણી કરવાની ઘટનાને લઈને કોવિડ-૧૯ હોસ્પિટલમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બાબતે ફરજ પર હાજર કર્મચારીઓ ભારે ચર્ચાઓ વિષય બન્યો હતો.

જાતિય સતામણી બાબતે ભોગ બનેલા કોમ્યુનિટી હેલ્થ ઓફિસર ફરિયાદ નોંધાવા હેતુ પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા. પરંતુ ૨૦૧૩ના કાયદા મુજબ વર્ક પ્રેસ પર જાતિય સતામણીના કેસમાં કમિટી દ્વારા બંને પક્ષકારોને સાંભળ્યા બાદ નિર્ણય લઈ શકાય તેથી પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી.

આ બાબતે બાલાસિનોર ના.કલેકટર વિજય ચૌધરીએ જણાવ્યુ હતુ કે, ૨૦૧૩ના કાયદા મુજબ વર્કપ્રેસ પર જાતિય સતામણી બાબતે જિલ્લા કલેકટર અથવા તેઓ દ્વારા બનાવેલ કમિટી બંને પક્ષકારોને બોલાવી સાંભળ્યા બાદ નિર્ણય લેશે તેમ જણાવ્યુ હતુ.

## શહેરાના ડેમલી ગામે સાપ કરડી જતાં ૬૮ વર્ષીય વયોવૃદ્ધનું મોત

શહેરા,

શહેરા તાલુકાના ડેમલી ગામના ૬૮ વર્ષીય વયોવૃદ્ધ ઘરમાં ભરેલ ઘાસ નજીક મુકેલ ચંપલ પહેરવાજ તાં સાપ કરડી જતાં મોત નિપજાવા પામ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ડેમલી ગામે રહેતા ગુલાબસિંહ જેસીંગભાઈ ચૌહાણ ઉ.વ.૬૮ વર્ષીય પોતાના ઘરમાં ભરેલ ઘાસ પાસે ચંપલ મુકેલ હતા. આ ચંપલ પહેરવા જતાં ઝેરી સાપ કરડી ગયો હતો. જેને લઈ મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મહીસાગર જિલ્લામાં વિજય રથના માધ્યમ થકી કોરોના અંગે જાગૃતતા કેળવાય તે માટેની અનોખી પહેલ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

ગુજરાતમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સમયસર લેવાયેલા કદમોથી કોરાનામહામારીસામે પ્રજાને મહદ્અંશે રાહત મળી છે પરંતુજંગ હજુ પૂર્ણ થઈ નથી ત્યારેસાવચેતીના ભાગરૂપે મહામારીનો મુકાબલો મક્કમમનોબળ સાથેથાય તેવી આવશ્યકતાના પગલે અદ્રશ્ય શત્રુ સામે વિજય મેળવવા લોકોના આત્મવિશ્વાસમાં વધારો થાય તેવા ઈરાદા થી ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ કામ કરતા પ્રાદેશિક લોક સંપર્ક બ્યુરો,યુનિસેફ અને પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરોના સંયુકત પ્રયાસોથીકોરોના સામેનો જંગ જીતીશું સાવચેતીને સંગ સૂત્ર સાથેકોરોના જનજાગૃત્તિના હેતુથીઆયોજિતકોવીડ-૧૯ વિજય રથમહીસાગર તીર્થધામ દેગમડા ખાતેથી મહંતઅરવિંદગિરિના હસ્તેજિલ્લાના વિવિધગામોમાં પરિભ્રમણ માટે લીલીઝંડી ફરકાવીને અગ્રેસર થવાપ્રસ્થાન કરાવાયું હતું. આરથ સાથેપરંપરાગત કળાઓ દ્વારા ખૂબ જ સહજ અને ગામઠી શૈલીમાં કોરોના સામે સાવચેતી અંગે જાગૃતતાના સંદેશને લઇ લોકનાટય ભવાઈ સાથે જગદીશ બારોટ અને તેમની લોક કલાકારોની ટીમેગીત સંગીત સાથે મનોરંજનનામાધ્યમથીકોરોના અંગે જનજાગૃતિનો અનોખો પ્રયાસઆદર્યો છે.

આ કોવિડ વિજયરથમાં સવારભવાઈવેશનાલોકકલાકારો દ્વારાલોકોને કોરોના સામેનો જંગ જીતીશું સાવચેતીને સંગ સૂત્ર સાથે ગામે ગામ ફરીકોરોના સામે જનજાગૃત્તિ કેળવવાતેમજ સાથે સાથે આયુર્વેદિક દવા વિતરણ,બેનર્સ, પોસ્ટર્સ પ્રદર્શન સાથેના આ વિજય રથ દ્વારા જિલ્લામાં ઘનિષ્ઠ લોકજાગૃત્તિ કેળવવાનો ઉમદા પ્રયાસ કરાયો છે. કોવિડ-૧૯ સામેની લડાઈમાં દો ગજની દુરી, ફરજીયાત માસ્ક જરૂરી છે, કોઈપણ વ્યક્તિ સાથે હાથ મિલાવવો નહી,ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળો,ઓછામાં ઓછા ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવા અને સેનીટાઇઝરથી હાથને જતુંરહીત કરવાના મહત્વ સાથે તકેદારીના પગલાં લેવા માટેના સુત્રો સાથે ગ્રામજનોને સમજ આપતી તસ્વીરી વિગતો આ રથમાં પ્રર્દિશત કરાઈ છે.

આમ જિલ્લામાં કોરોનાને હરાવવાનો એક માત્ર ઉપાય સાવચેતી અને લોક જાગૃતતા છે. લોકોને સાચી જાણકારી મળે અને જાગૃતતા કેળવાય તે માટેની આ અનોખી પહેલ મહીસાગર જિલ્લાના ગ્રામજનો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

## સંતરામપુરના પાચા મુવાડી ગામના પાકા રસ્તાથી વંચિત ગ્રામજનો દ્વારા મામલતદારને આવેદન અપાયું



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના પાચા મુવાડી ગામના લોકો છેલ્લા ૨૦ વર્ષથી પાકા રસ્તાની સુવિધાથી વંચિત રહેતા ગ્રામજનો દ્વારા આવનાર ચુંટણીઓનો બહિષ્કાર કરવાની ચિમકી સાથે સંતરામપુર મામલતદારને આવેદન આપ્યું છે.

સંતરામપુર તાલુકાના પાચા મુવાડી ગામના લોકો છેલ્લા ૨૦ વર્ષથી પાકા રસ્તાની સુવિધાથી વંચિત રહ્યા છે. ગ્રામજનો દ્વારા પાકા રસ્તા માટે અવાર-નવાર ગ્રામ પંચાયત તેમજ ઉચ્ચકક્ષાએ રજુઆત કરતા આવ્યા છે. તેમ છતાં આજદિન સુધી પાકા રસ્તાની સુવિધા ગ્રામજનોને મળી નથી. કાચા રસ્તાને લઈ ગ્રામજનોને હાલાકી વેઠવી પડે છે. ગામનો રસ્તો બીલકુલ કાચો અને ખાડાવાળો હોવાને લઈ ૧૦૮ જેવી સુવિધાનો લાભ લઈ શકતા નથી. ગ્રામજનોને બિમારી એન પ્રસૃતિ જેવા કિસ્સામાં જો લીમાં લઈ જવા મજબુર છે. ગ્રામજનોને રાજકીય નેતાઓ ચુંટણી વખતે વાયદાઓ કરતા હોય છે. પરંતુ ચુંટણી પૂર્ણ થતાં પાકા રસ્તાનો મુદ્દો વિસરાઈ જાય છે. ત્યારે ગ્રામજનો દ્વારા મીટીંગ યોજી નકકી કરવામાં આવ્યું છે કે પાચા મુવાડી ગામના લોકોને પાકા રસ્તાની સુવિધા પ્રાપ્ત ન થાય. ત્યાં સુધી દરેક ચુંટણીમાં મતદાન નહી કરી ચુંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બાબતે ગ્રામજનો દ્વારા સંતરામપુર મામલતદારને આવેદન આપવામાં આવ્યું છે. વધુમાં ગ્રામજનો દ્વારા આક્રોશ સાથે જણાવ્યું છે કે, ચુંટણી દરમ્યાન જો પ્રચાર માટે ગામમાં આવશે તો પ્રચાર અર્થે આવનાર વ્યકિતને આવતા કોઈ બનાવ બને તો જવાબદારી રહેશે નહિ. તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠો બંધ રહેવા મુદ્દે વીજ કંપનીને લેખિત રજુઆત


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા પંદર દિવસથી અલગ અલગ ગામોમાં ૧૦ કલાક સુધી વીજ પુવઠો બંધ રહેતા ભારતીય ટ્રાયબલ પાર્ટી દ્વારા વીજ કંપનીમાં લેખિત રજુઆત કરવામાં આવી.

સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ૧૫ દિવસથી ખેડાપા, ભાણાસીમલ, ભંડારા, ઉખેરલી સહિતના ગામોમાં ૧૦ કલાક સુધી વીજ પુરવઠો ખોરવાનો હોય વારંવાર ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાતાં લોકોને મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. આ બાબતે ભારતીય ટ્રાયબલ પાર્ટી દ્વારા મધ્ય ગુજરાત વીજ કંપનીને લેખિતમાં રાજુઆત કરવામાં આવી છે.

## બાલાસિનોર વિસ્તારમાં મોબાઈલ કંપનીઓના નેટવર્કની સમસ્યાથી લોકો પરેશાન

બાલાસિનોર,

બાલાસિનોર અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાંક મહિનાઓથી મોબાઈલ ગ્રાહકો મોબાઈલ કંપનીના નેટવર્કની સમસ્યાને કારણે પરેશાન થઈ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર બાલાસિનોર અને આસપાસના વિસ્તારો વોડાફોન, આઈડિયાના ગ્રાહકોને છેલ્લા કેટલાંક મહિનાઓથી નેટવર્કના કારણે કોલ ડ્રોપ તથા અવાજ કપાવવા, નેટની સ્પીડ વગેરે બાબતોની સમસ્યાઓથી પરેશાન થઈ ગયા છે. અને ફરિયાદો છતા પણ આજદિન સુધી તે અંગે કોઈ નિવેડો નહિ આવતા ગ્રાહકોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો. જેને લઈ ગ્રામજનો દ્વારા તો બાળકોને મોબાઈલમાં શિક્ષણના વીડિયો પણ અટકી અટકી ચાલતા હોય તેવી વાલીઓની ફરિયાદો મળી હતી. આ બાબતે અનેક રિટેલરોને મૌખિક જાણ કરાઈ હોવા છતાં કંપનીઓ સામે ભારે અસંતોષ વ્યકત કર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૩-૯-૨૦૨૦, બુધવાર, અધિક આસો સુદ-૭
સૂર્યોદય-૬-૩૭, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૭-૨૫,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ જ્યેષ્ઠા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૧૪ થી ૧૩-૦૩ સુધી, ૬-૩૭થી શુભ-૮-૦૮ સુધી, ૧૧-૦૮થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૯ સુધી, ૧૦-૧૦થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૩૭થી ૭-૩૮ સુધી, ૯-૩૮થી ૧૨-૩૯ સુધી, ૧૩-૩૯થી ૧૪-૩૯ સુધી, ૧૬-૩૯ થી ૧૯-૪૯ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૩.૦૯.૨૦૨૦ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- પ્રવાસની ઈચ્છા ફળવાની મનગમતી સ્વાસ્થય બાબત સુધારો જોવા મળે નોકરીમાં અનુકુળતા રહેવાની

વૃષભ (બ.વ.ઉ.) :-જાહેર સંસ્થામાં સારો હોદો મેળવવાના પ્રયત્નો ફળવાના મનગમતી વ્યકિતની મુલાકાત લાભદાયક રહેવાની

મિથુન (ક.છ.ઘ.):- રાજકારણમાં સફળતા રહે ભાઈ બહેનો સાથે સુમેળ રાખવો ખર્ચ ઉપર કાબુ રાખજો વીદેશથી લાભ રહે

કર્ક(ડ.હ.):-માનસીક તનાવનો સામનો રહે અટકતા કાર્યોને વેગ મળવાનો કોર્ટ કેસના પ્રશ્નો સમાધાનથી લાભ રહે

સિંહ(મ.ટ.) :- શેર સટાથી જાળવવુ નોકરીમાં અધિકારી વર્ગને સહકાર દેવો ઉધાર ધંધાથી દુર રહેજો પ્રવાસમાં અનુકુળતા

કન્યા (પ.ઠ.ણ.) :- પરીવારના સભ્યો અને સમાજના કાર્યો માટે નાણાકીય ખર્ચ રહેવાનો નોકરીમાં બઢતીના યોગ બને

તુલા (ર.ત.) :- પરીવારના સભ્યો અને સમાજના કાર્યો દ્વારા નાણાકીય ખર્ચ રહેવાનો નોકરીમાં બઢતીના યોગ બને પ્રવાસ થાય

વૃશ્ચિક (ન.ય.) :- બેકાબુ વિચારોને કાબુમાં રાખવાની સલાહ છે મિત્રોની ગેરસમજો ન થાય તેનુ ધ્યાન રાખજો વિકાસના કાર્યોમાં લાભ

ધન (ભ.ધ.ફ.ઢ.) :- વાદ વિવાદોનો અંત આવે સગા સ્નેહીજનો સાથે સુમેળ વધે નોકરીમાં ચીવટ રાખજો અધિકારીઓને સાથ સહકાર દેવો

મકર (ખ.જ.) :- સાહીત્ય ક્ષેત્રે રૂચી વધાવની પ્રીયપાત્રની મુલાકાત શકય બને માનસીક અંજપો દુર થવાનો નોકરીમાં લાભ રહે

કુંભ (ગ.શ.સ.) :- સ્થાવર મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા મિત્રો સાથે પ્રવાસ થાય આયોજન થાય વિદેશ વસતા સગાઓનો સહકાર રહે

મીન (દ.ચ.ઝ.) :- કોર્ટ કેસના પ્રશ્નોથી દુર રહેજો પ્રતિષ્ઠા જાળવવા સંઘર્ષ રહે નોકરીમાં બદલીના ચાન્સ ઉભા થાય કર્જ ન કરવુ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં કેટલીક સંસ્થાઓ દ્વારા આદિવાસી મહિલાઓને સબસીડીવાળી અને વગર વ્યાજ લોન આપવાની લાલચ આપી છેતરપિંડી કરતા હોવાનો આક્ષેપ

દાહોદ,

કેટલીક સંસ્થાઓ દ્વારા આદિવાસી મહિલાઓને સબસીડીવાળી અને વગર વ્યાજની લોનની લોભામણી જાહેરાતો તેમજ શિક્ષીત બેરોજગારોને નોકરીની લોભામણી લાલચ આપી હજારો ફોર્મ ભરાવી છેતરપીંડી કરતાં હોવાના આક્ષેપો સાથે ગુજરાત જનરલ કામદાર એસોશીએશન,દાહોદ દ્વારા આ સંદર્ભે ડી.એસ.પી.,દાહોદ સહિત ગાંધીનગર સુધી લેખિત અરજી કરી આવી લે ભાગુ સંસ્થાઓ સામે કાર્યવાહી કરી કાયદેસરના પગલાં લેવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

ગુજરાત જનરલ કામદાર એસોશીએસન,દાહોદ દ્વારા જણાવ્યા અનુસાર, અમદાવાદ સહિત કેટલીક ટ્રસ્ટ અને સંસ્થાઓ દ્વારા લોભામણી જાહેરાતો તેમજ મીટીંગો કરી દાહોદ જિલ્લાની ગ્રામીણ અબુધ પ્રજાની વિધવા બહેનો, એસ.ટી.બહેનોને સહાય આપવામાં આવશે, એસ.ટી.,એસ.સી. બહેનોને ૪૦ ટકા સબડીસીડી, બક્ષીપંચ મહિલાઓને ૨૦ ટકા અને અન્ય મહિલાઓને ૧૦ ટકા સબસીડી આપવાની સાથે જેની સામે ૨ હજાર રૂપીયા ફી લેવાનું જણાવેલ હતુ અને આજની તારીખે આ ફોર્મ પર છાપેલું પણ છે. આ કામગીરીમાં એજન્ટો પણ ઉભા કરવામાં આવેલ છે અને તેઓને કમીશન તેમજ પગારની લાલચ પણ આપવામાં આવી રહી છે. એજન્ટો દ્વારા લોકોની બેન્કની વિગતો, આધાર કાર્ડ,પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ જેવા જરૂરી આધાર પુરાવાઓ પણ જમા કરાવવામાં આવી રહ્યા છે. આવી સંસ્થાઓ ટ્રસ્ટો દ્વારા આજદિન સુધી સહાય આપવામાં આવેલ નથી અને ગુજરાત રાજસ્થાન, મદયપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર સુધી આવુ નેટવર્ક ચાલી રહ્યું છે અને ભોળીભાળી પ્રજા, ગરીબ પ્રજા સાથે છેતરપીંડી અને ઠગાઈ કઈ કરોડો રૂપીયા ઉઘરાવી લઈ ગુન્હો આચરતા હોવાના આક્ષેપો સાથે ગુજરાત જનરલ કામદાર એસોશીએશન, દાહોદ દ્વારા આ સંદર્ભે પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ, ગુજરાત રાજયના ડી.આઈ.જી. ડિવીઝનલ પોલીસ અધિક્ષક, પંચમહાલ, સીબીઆઈ હેડ ઓફીસ, નવી દિલ્હી સહિત ઉચ્ચર સ્તરીય અરજી કરવામાં આવેલ છે.

## દે.બારીઆના ગરનાાળા પાસેની તૂટેલી સેફ્ટી દિવાલ આપે છે અકસ્માતને આમંત્રણ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દેવગઢ બારીઆના પાવાગઢ અને છોટાઉદેપુર તરફ જતા રસ્તા ઉપર આવેલ ગરનાળાની સેફ્ટી દિવાલ તૂટેલી હોવાથી અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી મરામતની માંગ કરવા છતાં સુવિધા અધૂરી જણાતા લોકોમાં રોષ વ્યાપ્યો છે.

દે.બારીઆ શહેરમાંથી પસાર થતો રસ્તો માર્ગ અને મકાન વિભાગ હસ્તક આવેલો છે. છેલ્લા એક વર્ષથી ગંદુપાણી તથા તળાવમાંથી આવતું પાણી આ ગરનાળામાંથી પસાર થઈ પાનમ નદીના પૂલના દક્ષિણ દીશામાં જાય છે. આ ગરનાળું ભે દરવાજાના વિસ્તાર પાવાગઢ તરફ જતો મુખ્ય માર્ગ છે. આ શેઠના ગરનાળાની સેફ્ટી દિવાલ તૂટેલી છે. તેને રીપેર કાર્ય કેમ અને કયા કારણોસર કરવામાં આવતી નથી. અગાઉ પણ આ ગરનાળામાં એક બાઈક સવાર ખાબકીને તણાઈ ગયો હતો. આટલો સમય વિત્યા બાદ પણ લાશ હાથમાં આવી કે કેમ તે કોઈ જાણતું નથી. આ રસ્તો પાવાગઢ દર્શન માટે જતા ભકતો માટે ટુંકો અને સરળ છે. ત્યારે આ ગરનાળા વિસ્તારનો રોડ તથા તૂટેલી સેફ્ટી દિવાલની મરામત કરવા કયારે માર્ગ અને મકાન વિભાગ જાગશે અને લોકોની જાન સલામત બનાવવા માર્ગ અને મકાન વિભાગ જાગે તે જરૂરી છે.

# સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત દાહોદના પાંચ ગામોના તબક્કાવાર વિકાસ આયોજન માટે બેઠક યોજાઇ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત પાંચ ગામોને તબક્કાવાર વિકસાવા માટે આયોજન અંગેની બેઠક જિલ્લા સેવા સદન,દાહોદ ખાતે યોજાઇ હતી. કલેક્ટર વિજય ખરાડીએ આ ગામોમાં પાયાની સવલતો સહિત તમામ કામગીરી પૂરા આયોજન અને ચીવટ સાથે કરવા જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે,ગામની દરેક જરૂરીયાત અને પાસાઓનો અભ્યાસ કરીને જ એક હોલીસ્ટીક એપ્રોચ સાથે ગામનો વિકાસ કરવો જરૂરી છે. ગામની પાયાની તમામ જરૂરીયાતના કામો રસ્તા–પાણી–ગટરવ્યવસ્થા–આંગણવાડી સહિતના કામો લાંબાગાળાના આયોજન વિચારીને કરવા જોઈએ. દરેક વિકાસકાર્ય ગરીબમાં ગરીબ વ્યક્તિ સુધી યોજનાના લાભ પહોંચે તે રીતે કરવા જોઈએ.

તેમણે જણાવ્યું કે,શાળા,આંગણવાડી,આરોગ્ય કેન્દ્ર વગેરેના કામોમાં પ્રથમ પ્રાથમિકતા સાથે ટકોરાબંધ થવા જોઈએ. ગામના લોકો દરેક વિકાસ કાર્યને પોતાનું સમજીને તેની માવજત કરે એ સમજ આપવી પણ એટલી જ જરૂરી છે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે જણાવ્યું કે, સાંસદ ગ્રામ યોજનામાં દરેક ગામનો વિકાસ કરવા માટે ૫૦ જેટલાં સૂચકાંક આપવામાં આવ્યા છે. આ સૂચકાંકોને દયાનમાં રાખીને દરેક ગામનું આયોજન કરવું જોઈએ.

બેઠકમાં ધાનપુરનું ઝાબુ અને નળુ ગામ, દેવગઢ બારીયાનું નાની ખજુરી ગામ, ગરબાડાનું દાદુર ગામ, અને દાહોદનાં ડુંગરા ગામને સાંસદ આદર્શ ગામ તરીકે વિકસાવવા માટેના આયોજનની ચર્ચા સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સી.બી. બલાત, જિલ્લા ખેતીવાડી અધિકારી સુથાર, જિલ્લા પશુપાલન અધિકારી ડો. કમલેશ ગોસાઇ, લીમખેડા પ્રાંત અધિકારી ડી.કે. હડિયલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદ જિલ્લા ચૂંટણી અધિકારીએ EVM-VVPAT વેરહાઉસનું ત્રિમાસિક નિરીક્ષણ કર્યું



દાહોદ,

જિલ્લા ચૂંટણી અધિકારી વિજય ખરાડીએ આજ રોજ જિલ્લા સેવા સદન ખાતે આવેલા ઈવીએમ–વીવીપેટ વેરહાઉસનું આંતરિક ત્રિમાસિક નિરીક્ષણ કર્યું હતું. કલેક્ટરએ વેરહાઉસ ખાતે સીસીટીવી કેમેરા યોગ્ય રીતે ચાલી રહ્યાં છે કે નહિ ? સીલબંધ કરવામાં આવતા તાળા, વેરહાઉસની સુરક્ષાવ્યવસ્થા વગેરેનું જાતે નિરીક્ષણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા નિયમિત રીતે ઈવીએમ વીવીપેટ વેરહાઉસનું ક્વાર્ટરલી નિરીક્ષણ કરવામાં આવે છે.

## ઝાલોદમાં દરગાહ ખાતે દુવા માટે ગયેલ બે યુવકોને કરંટ લાગતા સારવાર માટે ખસેડાયા

ઝાલોદ,

ઝાલોદ નગરમાં દરગાહ ખાતે દર્શવ કરવા ગયેલા બે યુવકોને વીજ કરંટ લાગતા બંન્ને ગંભીર ઈજાગ્રસ્તો પૈકી એકને ઝાલોદ અને એકને દાહોદની હોસ્પિટલમાં ખસેડાયાનું જાણવા મળે છે.

ઝાલોદ તાલુકાના પડીમહુડી ગામે રહેતા બે યુવકો ગત રોજ ઝાલોદ નગરમાં આવેલ એક દરગાહ ખાતે દર્શન કરવા ગયા હતા. દરગાહના લોખંડના દરવાજાને અડતાની સાથે જ બંન્ને યુવકોને વીજ કરંટનો સખત કરંટ લાગ્યો હતો. આ જોતા આજુબાજુના રહીશો દ્વારા બંન્ને યુવકોના સ્વજનોનો સંપર્ક કરી તાત્કાલિક બંન્ને યુવકોને સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. એક યુવકને ઝાલોદની હોસ્પિટલ ખાતે જ્યારે બીજા એક યુવકને દાહોદની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે દરગાહ ઉપરથી પસાર થતી ૧૧ કેવી લાઈનમાં વરસાદના કારણે કરંટ લાગ્યો હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

# “બાળકના જીવન ઘડતરમાં માતા-પિતાની ભૂમિકા”

દરેક મા–બાપની ઈચ્છા હોય છે કે પોતાના બાળકનો સારામાં સારો ઉછેર થાય,સારૂં શિક્ષણ તથા સારી લાયકાત મેળવી સારી એવી નોકરી મેળવે અને દેશનો સારો નાગરિક બને.

ખરેખર, આવી ઈચ્છા દરેક માતા–પિતાની હોવી જ જોઈએ. પણ શું ખાલી ઈચ્છા રાખવાથી આ બધું શક્ય છે ? આપનો જવાબ હશે 'ના'.

વાત એકદમ સાચી જ છે કે ખાલી ઈચ્છા રાખવાથી આ બધું શક્ય નથી એ માટે તે દિશામાં મા–બાપે યોગ્ય પગલાં લેવાની જરૂર હોય છે.

જો દરેક મા–બાપ પોતાના બાળકના ઉછેરમાં તથા જીવન ઘડતરમાં નીચેની બાબતોને ચોકસાઈથી અનુસરે તો ચોક્કસ બાળકનુ સારામાં સારૂં ઘડતર,શિક્ષણ અને ઉજળું ભવિષ્ય બની શકે છે.

તો ચાલો, વાચક મિત્રો આપણે જોઈએ બાળકના જીવન ઘડતરના મુખ્ય અને પાયાના સિદ્ધાંતો.

(૧) સારા સંસ્કારોની શીખ :


આસીફ ધંત્યા, ગોધરા

બાળક એ કુમળો છોડ કહેવાય છે.જે રીતે કુમળા છોડને જેમ વાળીએ તેમ તે વળે તેવીજ રીતે બાળકમાં પણ બાળપણથી જેવા ગુણોનું સિંચન કરીએ તેવા ગુણો બાળકમાં વિકસે. તો શા માટે આપણે આપણા બાળકમાં સારા ગુણોનું સિંચન ન કરીએ.

બાળકમાં બાળપણથી જ સારા ગુણોનું સિંચન કરીએ. બાળકને બાળપણથી જ સાચું બોલવુ તથા જુઠું ન બોલવાની શીખ આપીએ.

બાળકને બાળપણથી જ વડીલોનો આદર કરવો તેમની આજ્ઞાનુ પાલન કરવું,વડીલોની સામે ન બોલવું,સૌની સાથે ભાઈચારાથી રહેવું,લડાઇ,ઝઘડોકે અપશબ્દોથી દૂર રહેવું. બીજાનું ભલું કરવું,બીજાનું નુકસાન ન કરવું,ચોરી ન કરવી, હંમેશા સાચું જ બોલવું ,સમય,પાણી અને વાણી યોગ્ય ઉપયોગ કરવો વગેરે જેવા સારા સંસ્કારોથી બાળકની મગજ રૂપી કોરી સ્લેટમા સારા સંસ્કારો રૂપી એકડો ઘૂટીયે.

(૨) યોગ્ય શિક્ષણ વ્યવસ્થા :

દરેક મા–બાપની ઈચ્છા હોય છે કે પોતાના બાળકને સારામાં સારૂં શિક્ષણ મળે જેથી તેનુ ભવિષ્ય પણ ઉજળું બંને. વાત એકદમ વ્યાજબી પણ છે.બાળકને શરૂઆતથી જ માબાપે સારૂં શિક્ષણ મળે તેવી શાળાની પસંદગી કરવી જોઈએ. સાથે શરૂઆતથી જ માબાપે બાળકના અભ્યાસ પર પુરતું ધ્યાન રાખવું જોઈએ.

રોજે રોજની બાળકની શાળાકીય અભ્યાસ પ્રવૃતિનું ધ્યાન તથા મૂલ્યાંકન કરવું જોઈએ.

બાળકને શાળામાં અભ્યાસ સંદર્ભે કોઇ તકલીફ કે મુશ્કેલી તો નથી પડતી ને ?તેનું ધ્યાન રાખવું જોઈએ. પોતાના બાળકને શાળામાં કોઇ ડરાવતુ, ધમકાવતુ કે મારતું તો નથી ને?તેનું પણ સમયાંતરે ધ્યાન રાખવું .બાળકને લખવા વાંચવા કે ગણનમાં કોઇ મુશ્કેલી તો પડતી નથી ને? તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. જેમ જેમ બાળક અભ્યાસમાં આગળ વધે તેમ તેમ મા–બાપે બાળક પર વધુ ચોકસાઈ રાખવી જેથી તે અભ્યાસમાં પુરતું ધ્યાન આપી શકે અને પોતાના અભ્યાસમાં સરળતાથી આગળ વધી શકે. બાળકને શાળામાં કોઈ મુશ્કેલી પડતી હોય તો શાળાનો સંપર્ક કરી મુશ્કેલી દૂર કરવી જોઈએ.

(૩) સમય પત્રક પ્રમાણે રોજીંદી ક્રિયાઓ કરાવવી :

કોઈપણ કામ જો યોગ્ય રીતે તથા સમય સુચકતા સાથે કરવામાં આવે તો તે કામમાં સફળતા ચોક્કસ મળશે. તેવી જ રીતે દરેક માબાપે પોતાના બાળકના જીવન ઘડતરમા સમયનું વિશેષ મહત્વ જાળવી બાળકનો ઉછેર કરવો જોઈએ.

બાળપણથી જ બાળકને સમયની કીંમત સમજાવી દરેક કામ સમયસર થાય તેવી કેળવણી આપવી જોઈએ.

બાળકનુ આખા દિવસનું, અઠવાડિયાનુ,માસિક તથા વાર્ષિક ટાઇમ ટેબલ બનાવી રાખવું જેમાં ચોવીસ કલાકની વહેંચણી દર્શાવતું સમય પત્રક બનાવી દેવું.

સવારે પથારીમાંથી ઉઠતા અને ફરી રાત્રે પથારીમા સુવા જાય ત્યાં સુધીનુ સમય પત્રક બનાવી દેવું. જેમાં ખાવું,પીવું,ઊંઘવું,કસરત કરવી,માલિકને પ્રાર્થના કરવી,રમવું,વડીલોની સેવા,અભ્યાસ, ગૃહકાર્ય વગેરે જેવી બાબતો આવરી લેવી જોઈએ.

(૪) પોતાના બાળકને જ શ્રેષ્ઠ ગણવું :

ઘણા માતા–પિતાને પોતાના બાળક કરતાં મહોલ્લાના અન્ય બાળકો તથા તે બાળકોની ટેવો સારી લાગે છે. જે મા–બાપની ખરાબ આદત કહી શકાય. દરેક મા–બાપે પોતાના બાળકની ખૂબીઓ જોવી જોઈએ કે તેના બાળકમાં કઈ કઈ ખૂબીઓ એટલે કે વિશેષતાઓ છે. માબાપે એવું જ વીચારવુ જોઈએ કે તેનુ બાળક શ્રેષ્ઠ અને ચડિયાતુ છે.

(૫) હકારાત્મક પ્રેરણા આપવી :

દરેક માતા–પિતાએ હંમેશા પોતાના બાળકને પ્રોત્સાહિત કરવું જોઈએ.અભ્યાસમા પણ પ્રોત્સાહન આપવું તેને અભ્યાસમાં પડતી મુશ્કેલીમા સહભાગી થઇ મુશ્કેલી દૂર કરવી જોઈએ.

માબાપે બાળકમાં સાહસ હિંમત, ચતુરાઈ,નિડરતા, આત્મવિશ્વાસ,ઈમાનદારી વગેરે જેવા ગુણોનુ સિંચન કરવું જોઈએ.

(૬) નિષ્ફળતામાથી સફળતા મેળવવાની શીખ આપવી:

કહેવાય છે ને કે,“લહરો સે ડર કર નૌકા પાર નહીં હોતી, કોશિશ કરને વાલો કી કભી હાર નહીં હોતી. નન્હી ચિંટી જબ દાના લેકર ચલતી હે, ચઢતી દિવારો પર સૌ બાર ફિસલત હૈ, મન કા વિશ્વાસ રગો મેં સાહસ ભરતા હૈ, ચઢકર ગિરના, ગિરકર ચઢના ન અખરતા હૈ. આખીર ઉસકે મહેનત બેકાર નહી હોતી. કોશિશ કરને વાલો કી કભી હાર નહીં હોતી.” અર્થાત જો એક નાનકડી કીડી પોતાના લક્ષ્યને વળગી રહી છેવટે સફળતા હાંસલ કરે તો પછી આપણે કેમ નહીં? જો બાળક અભ્યાસમાં લક્ષ્યને હાંસલ કરવામા પાછળ પડતું હોય કે તેને કોઈ વિષયમાં કચાશ રહેતી હોય તે સમયે માબાપે તેને ટકોર કરવાને બદલે સહાનુભૂતિ આપવી તેને મદદરૂપ બનવું,તેને હતોત્સાહિત નહીં પણ તેનો ઉત્સાહ વધારવો. નિષ્ફળતામાંથી બોધ લઈ સફળતા મેળવવા પ્રયત્ન કરાવાની શીખ આપવી.

(૭) બાળકને પોતે લક્ષ્ય નક્કી કરવા દેવું :

ઘણી વાર બાળકની ક્ષમતા કરતા માતા–પિતાની અપેક્ષા જીવલેણ બની શકે છે. મા–બાપની ઈચ્છા હોય કે તેનુ બાળક ડોક્ટર બને પણ બાળકમાં એ ક્ષમતા કે કાબેલિયત નથી કે તે ડોક્ટર બની શકે. તો આવા સમયે માબાપે બાળકની ક્ષમતા અને તેની કાબેલિયત પ્રમાણે તેને પોતાને ક્યાં ક્ષેત્રે રસ અને રૂચી છે તે દિશામાં અભ્યાસમાં આગળ વધારવો જોઈએ. બની શકે તે ડોક્ટર ન બને અને સારો એવો વકીલ,શિક્ષક કે પછી સારો રમતવીર પણ બની શકે. માટે માબાપે બાળકને પોતે સ્વતંત્રતા આપવી જોઈએ કે તેને શું બનવું છે.? બાળકને પોતાનું લક્ષ્ય જાતે નક્કી કરવા દો.

(૮) નક્કી કરેલ લક્ષ્યને હાંસલ કરવા મહેનત :

બાળકે જે લક્ષ્ય નક્કી કર્યું છે તે દિશામાં માબાપે તેની પાસે ચોક્કસ અને નિર્ધારિત મહેનત કરાવવી જોઈએ. એ માટે માબાપે બાળકના શારીરિક અને માનસિક વિકાસ બાબતે પૂરતું ધ્યાન આપવું જોઈએ. પોષ્ટિક આહાર,પુરતી ઊંઘ, માનસિક તનાવથી દૂર રહેવું, ઘોંઘાટ અને અશાંત વાતાવરણથી દૂર રાખવું.

(૯) બાળકના શારીરિક અને માનસિક વિકાસની કાળજી :

જે રીતે ગાડીની બોડી અને એન્જિન જેટલું પાવરફુલ હશે ગાડી એટલી જ સરળતાથી દૂર સુધી ચાલી શકશે . તેવીજ રીતે બાળકનો શારીરિક અને માનસિક વિકાસ જેટલો સારો હશે તે પોતાના અભ્યાસમાં એટલો જ રસ રૂચી અને અનુકૂળ સાબીત થશે.માટે બાળકના અભ્યાસ સંદર્ભે બાળકનો શારીરિક અને માનસિક વિકાસ પણ યોગ્ય થવો જોઈએ.

(૧૦) સતત મૂલ્યાંકન કરવું :

દરેક માતા–પિતાએ પોતાના બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે હંમેશા સતત અને સઘન પ્રયત્નશીલ રહેવું જોઈએ. સૌથી પહેલા તો બાળકના શારીરિક અને માનસિક વિકાસની કાળજી લેવી,અભ્યાસ બાબતે મા–બાપે કાળજી લેવી ,શાળાની, આચાર્ય શ્રીની, વર્ગ શિક્ષકની,વિષય શિક્ષકની સમયાંતરે મુલાકાત લઈ બાળકના અભ્યાસ હોય કે પછી પરીક્ષા સંદર્ભે તથા ઇતરપ્રવૃતિનો તાગ મેળવવો. શાળામાં અભ્યાસ સંદર્ભે કોઇ મુશ્કેલી હોય તો તેને નિવારવા યોગ્ય પગલા લેવા જોઈએ.

જો દરેક માતા–પિતા પોતાના બાળકના ઉછેરમાં તથા જીવન ઘડતરમાં આ તમામ બાબતોને ચોકસાઈથી અનુસરે તો ચોક્કસ બાળકનો ઉછેર તથા જીવન ઘડતર યોગ્ય રીતે થઈ શકે છે અને માબાપના તથા બાળકના સપના સાકાર થઇ શકે છે તથા દેશને સારા નાગરિકની ભેટ મળી શકે છે.

આશા કરીએ કે પંચમહાલ દૈનિક સમાચાર ગોધરા દ્વારા આજના આ શિક્ષકની કલમે લખાયેલ રસપ્રદ અહેવાલથી સૌ કોઈ અવગત થાય અને પોતાના બાળકોના જીવન ઘડતરમાં આ બાબતો ઉપયોગી સાબિત થાય.

# દાહોદ નગરમાં બિલાડીના ટોપ ની જેમ ફૂટી નીકળેલા પેમેન્ટ સેન્ટર દ્વારા ચલાવવામાં આવતી ઉઘાડી લૂંટ

દાહોદ,

દાહોદ નગરમાં હાલ વિવિધ બેંક ઉપરાંત આધાર નંબર થી પૈસા ઉપાડવા અંગેની સુવિધાઓ આપતા ગ્રાહક સહાયતા કેન્દ્રો બિલાડી ના ટોપ ની માફક ખોલી દેવામાં આવ્યા છે. આ ગ્રાહક સહાયતા કેન્દ્રો માં કેટલાક સહાયતા કેન્દ્રો રાષ્ટ્રીયકૃત બેંક દ્વારા ખોલવામાં આવ્યા છે. તો કેટલાક પ્રાઈવેટ કંપની દ્વારા ખોલવામાં આવ્યા છે. જ્યાં એટીએમ આધારકાર્ડ તેમજ ફોન ના મેસેજ વગેરે ની મદદ થી ગ્રાહકો નાણાં ઉપાડી શકે છે.

દાહોદ નગરમાં આવા ૧૦૦ થી વધુ પેમેન્ટ સેન્ટરો હાલ કાર્યરત છે. દાહોદ નગરમાં રાષ્ટ્રીયકૃત બેન્કોની સેવાઓ થી બેંકના ખાતેદારો ત્રસ્ત છે. તો એટીએમ પણ વારંવાર ખોટકાયેલી અવસ્થામાં હોવાને કારણે લોકો ને આવા પેમેન્ટ સેન્ટરો પર જવાની ફરજ પડતી હોય છે જેનો લાભ આ પેમેન્ટ સેન્ટરો લેતા હોય છે અને, ગ્રાહકના જ બેંક ખાતા માં પડેલા પૈસા ઉપાડવા માટે ત્રણ ટકા તથા તેનાથી વધુ ચાર્જ વસૂલતા હોય છે. અને અભણ તથા ભોળી પ્રજા પર ઉઘાડી લૂંટ ચલાવવા માં આવી રહી છે.

આજે સહાય થી લઈ ને કમાઈ સુધી તમામ રીત ના નાણાં બેંક ખાતામાં જ જમા કરવામાં આવતા હોય છે. ત્યારે નબળી બેન્કિંગ વ્યવસ્થા તથા ખોટકાયેલી એટીએમ અવસ્થા ઓ ને પગલે આવા પેમેન્ટ સેન્ટરો બિલાડી ના ટોપ ની માફક ખુલી જઈ અને આ ભોળી ગામડાની પ્રજા ને પોતાના નાણાં ઉપાડવા માટે જ ત્રણ ત્રણ ટકા જેટલું કમિશન વસૂલી અને રીત સર ની ઉઘાડી લૂંટ ચલાવી રહી છે. ત્યારે, આ અંગે કોઈ રાજકીય નેતા કે કોઈ સરકારી અધિકારી દ્યાન લઈ અને આ પ્રજા ને લૂંટાતી અટકાવે તો સરકારી લાભો માટે કતારો માં ઉભા રહેતા છેવાડા નો માનવી આવી ધોળા દિવસે થતી ઉઘાડી લુંટ થી બચી શકે તેમ છે.

## દાહોદના રેટીંયા ગામે બે ફોરવ્હીલ વચ્ચે અકસ્માત થતાં બે વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના રેટીંયા ગામે હાઈવે રોડ પર સામ સામે બે ફોર વ્હીલર ગાડી અથડાતા એક ગાડીમાં સવાર એક મહિલા સહિત બે જણાને શરીરે ઈજાઓ પહોંચતા પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ઝાલોદ તાલુકાના મુવાડા ગામે જય જલારામ સોસાયટીમાં રહેતા ર્ડા.આકાશભાઈ કરણસિંહ હાંડા તેમની સાથે નલીનીબેન કરણસિંહ હાંડા એમ બંન્ને જણા ગત તા.૨૦મી સપ્ટેમ્બરના રોજ વડોદરાથી દાહોદ જઈ રહ્યા હતા. આ દરમ્યાન રેટીંયા ગામે ઝાલોદની સુકી નદી ઢાળ પાસે એક વેગેનર ફો વ્હીલર ગાડીના ચાલક નરેન્દ્રસિંહ તાનસિંહ જાડેજા નામક ચાલકે પોતાના કબજાનું ફો વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે રોંગ સાઈડે હંકારી લાવી ર્ડા.આકાશભાઈ હાંડાની આઈ ટ્વેન્ટી ગાડીને અડફેટમાં લઈ ટક્કર મારતાં ગાડીમાં સવાર નલીનીબેન કરણસિંહ હાંડાને ડાબા હાથે ફેક્ચર કર્યું હતુ. આ સંબંધે ર્ડા.આકાશભાઈ કરણસિંહ હાંડાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સીંગવડ તાલુકાના સરજુમી ગામેની યુવતિ ઉપર ચારિત્ર્યની બાબતે વ્હેમ રાખી મારમારતાં ફરિયાદ

દાહોદ,

સીંગવડ તાલુકાના સરજુમી ગામે ઘરમાં મીઠીં નીંદર માણી રહેલ એક ૨૧ વર્ષીય યુવતીને ત્રણ જણાએ ચારીત્ર્ય બાબતે ખોટો શક વહેમ રાખી ઉંઘમાંથી ઉઠાડી ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતા પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

સીંગવડ તાલુકાના સરજુમી ગામે ૨૧ વર્ષીય સુશીલાબેન વેસ્તાભાઈ ખાંટ ગત તા.૧૯મી સપ્ટેમ્બરના રોજ રાત્રીના સમયે જમી પરવારી ઘરમાં સુતી હતી. આ દરમ્યાન હાંડી ગામે બારીયા ફળિયામાં રહેતા અજયભાઈ રમણભાઈ બારીયા, રમણભાઈ સોમાભાઈ બારીયા અને ગંગાબેન રમણભાઈ બારીયાનાઓએ યુવતી પાસે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તુ મહેમાનોને કેમ જમાડતી નથી તથા ચારિત્ર્ય બાબતે ખોટો શક વહેમ રાખી યુવતીને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતા આ સંબંધે ઈજાગ્રસ્ત સુશીલાબેન વેસ્તાભાઈ ખાંટે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઝાલોદ તાલુકાના ખેડુતો દ્વારા પાક નિષ્ફળતાનું વળતર ચુકવવા આવેદન આપ્યું

દાહોદ,

ઝાલોદ તાલુકાના ખેડુતો દ્વારા આજરોજ ઝાલોદ મામલતદાર કચેરી ખાતે પહોંચી જઈ પાક નિષ્ફળતા મુદ્દે વળતર ચુકવવા બાબતનું એક આવેદન પત્ર સુપરત કર્યું હતુ.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ઝાલોદ તાલુકોએ ખેતી પર આધારિત હોવાથી અને ચોમાસુની સિઝન માં અપુરતા વરસાદના કારણે ઝાલોદ તાલુકાના ખેડુતોના પાકને નુકાસન થયેલ છે અને સંદતર પાક નિષ્ફળ ગયેલ છે. આ પાક નિષ્ફળ જવાના કારણે મોટુ નુકસાન થયું હોવાનુ ખેડુતોએ જણાવ્યુ હતું અને આ બાબતે ખેતીના નુકસાનનું વળતર ચુકવવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી. ઝાલોદ તાલુકાના ખેડુતો સહિત મહિલાઓ પણ મોટી સંખ્યામાં ઝાલોદ મામલતદાર કચેરીએ હાથમાં વિવિધ બેનરો સાથે પહોંચી ગઈ હતી.

# દાહોદના ઓક્સિજન વાયુનો ૫૦ ટકા જથ્થો કોરોના દર્દીઓ માટે અનામત રાખવા આદેશ

દાહોદ,

કોરોના સંક્રમણની સ્થિતિમાં જિલ્લામાં ઓક્સિજનની જરૂરીયાત પ્રયાપ્ત માત્રામાં જળવાઇ રહે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય ખરાડીએ આ સંદર્ભે તા. ૧૯/૯/૨૦૨૦ ના રોજથી એક માસ સુધી અમલમાં રહે તે મુજબનું એક જાહેરનામું પસિદ્ધ કર્યું છે.

જાહેરનામા મુજબ જિલ્લાના બધા જ ઓક્સિજન પ્લાન્ટ એની પૂર્ણ ક્ષમતાની સાથે ઓક્સિજનનું ઉત્પાદન ચાલું રાખવાનું રહેશે. બધા ઓક્સિજન પ્લાન્ટ તેની ઉત્પાદનની ક્ષમતાનો ૫૦ ટકા મેડીકલ ઓક્સિજન હોસ્પીટલને જ પુરો પાડવાનો રહેશે. આવશ્યકતા અનુસાર ૫૦ ટકાથી વધુ મેડીકલ ઓક્સિજનની જરૂરીયાત જણાયે અગ્રતાના ધોરણે હોસ્પીટલોને ઓક્સિજનનો જથ્થો આપવાનો રહેશે. ઓક્સિજન ઉત્પાદક ૫૦ ટકા સુધીનો ઓક્સિજન ઔદ્યોગિક એકમોને આપી શકશે. આ અંગેની અમલવારી કરવાની જવાબદારી મદદનીશ કમિશ્નર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, દાહોદ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની રહેશે. જાહેરનામું સમગ્ર દાહોદ જિલ્લાની મહેસુલી હદ વિસ્તારમાં લાગુ પડશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ ૫૧ થી ૫૮ હેઠળ કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 28

## ગેરરીતિનો માર્ગ બનાવતી મનરેગા હેઠળ

# ગોધરા તાલુકાના ઘુસર (ન.વ.)માં પંચાયત દ્વારા વિવિધ કામોમાં ગેરરીતિ !!!





- વર્ષ ૨૦૧૯-૨૦માં રસ્તા, ચેક વોલ, પેવર બ્લોક, માટી-મેટલ, નાળાના કામોના જાણ બહાર ઠરાવ.
- સભ્યો કે ગ્રામજનોની જાણ બહાર વહીવટી મંજૂરી મેળવી.
- સરપંચ, તલાટી અને જીઆરએસ એ નિતિ નિયમો બાજૂ મૂકીને મીલીભગતથી ભૂતિયા જોબકાર્ડ બનાવાયા.
- તાલુકા પંચાયતમાંથી મસ્ટર મેળવી બોગસ સહીઓ દ્વારા નાણા બારોબાર ઉપાડી લેવાયા.
- જે નામે મસ્ટશ ઈશ્યુ થયા તેવા માણસો આવા કામોથી અજાણ અને બિન અનુભવી.
- પૈસાદાર અને અન્ય ગામે રોજગાર અર્થે રહે છે.
- મેટલ રસ્તામાં જેસીબી અને ટ્રેક્ટરનો ઉપયોગ કરી શ્રમિકોનો નામે પૈસા ઉપડયા.
- જૂના ચેકડેમ હતા ત્યાં નાળા ગોઠવીને ફોટા આધારે બોગસ બિલો રજૂ કર્યા.
- જયાં કોતર નથી કે નાળાની જરૂરીયાત નથી ત્યાં બન્યા.
- બિનગુણવત્તા યુકત ચેક વોલ બનતા પાણી સંગ્રહ નહીં થાય.
- વગદાર સરપંચોના ઘર પાસે પેવર બ્લોક બનાવાયા.
- અસ્તિત્વ ન ધરાવતા વિક્રેતાઓની તપાસ થવી જોઈએ.
- બે મહિલા સભ્યો તથા ગ્રામજનોએ ગેરરીતિ બાબતે ઉગ્ર રજુઆત કરી તપાસની માંગ કરાઈ.

ગોધરા,

ગોધરા તાલુકાના ઘુસર (નવી વસાહત) ગ્રામ પંચાયતના સત્તાધીશોએ મનરેગા યોજના હેઠળ બોગસ લાભાર્થીઓના જોબકાર્ડ બનાવી નાણા ઉપાડયા. રસ્તાના કામોમાં જેસીબીનો ઉપયોગ કરાયો. જ્યાં જૂના નાળા હતા ત્યાં માત્ર ૧૦ થી ૧૫ % નાણા વાપર્યા. ચેક વોલ તકલાદી બનાવાતા ગુણવત્તા વિના પાણી સંગ્રહ થઈ શકે નથી. આથી મનરેગા યોજનામાં મિલીભગતથી આર્થિક ગેરરીતિ આચરીને નાણાની ઉચાપત થતાં સભ્યો તથા ગ્રામજનોએ ઉચ્ચસ્તરે રજુઆત કરીને તપાસની માંગ કરી છે.



ગોધરા તાલુકાના ઘુસર (નવી વસાહત) ગ્રામ પંચાયતના સભ્યો કોકિલાબેન મહિપતસિંહ રજાત, ચંદ્રિકાબેન કમલેશ પલાસ તથા ગ્રામજનોએ મુખ્યમંત્રીને કરેલી રજૂઆતમાં જણાવ્યું કે, ગ્રામ પંચાયત દ્વારા મનરેગા યોજનામાં ગેરરીતિ કરીને સરકારી નાણાની ઉચાપત કરાયેલી છે. જેમાં વર્ષ ૧૯-૨૦ના મનરેગા યોજના હેઠળ ચેક વોલ, પેવર બ્લોક, માટી-મેટલ રસ્તા, નાળા, તળાવ ઊંડા કરવા માટે ઠરાવો જાણ બહાર કરી તાલુકા પંચાયતમાંથી તાત્કાલીક વહીવટી મંજૂરી મેળવીને કામો શરૂ કર્યા છે. આ યોજનાથી ગરીબ બેરોજગારોને ઘર આંગણે રોજગારી આપવાનું છે. પરંતુ સરપંચ, તલાટી, જીઆરએસ એ મનરેગાન નીતિ નિયમોને બાજુ પર મૂકીને એકબીજાની મિલીભગતથી લોકોની જાણ બહાર ભૂતિયા જોબકાર્ડ બનાવીને વિવિધ કામો માટે તાલુકા પંચાયતમાંથી મસ્ટર મેળવી તેમાં બોગસ સહીઓ કરીને નાણા બારોબાર ઉપાડી લીધેલ છે. જે નામે મસ્ટ ઈશ્યુ થયેલ છે તેવા માણસો આ કામથી અજાણ છે અને કયારે કામો કર્યા નથી. આ સહી કરનારાઓ મોટાભાગે રોજગારી માટે બહાર ગામ હોય છે. તેમના બોગસ બેંક ખાતા ખોલાવીને બારોબાર ઉપાડી છે. જયારે અન્ય ખાતા પીધે સુખી પરિવારોના પણ મસ્ટરમાં નામ દાખલ કર્યા છે. માટી-મેટલના રસ્તા કામમાં જેસીબી અને ટ્રેકટરનો ઉપયોગ કરી મોટી રકમના બિલો લાભાર્થીના નામે ઉપાડયા છે. માત્ર ૧૦ % જ નાણા સ્થળે વપરાયા છે. બાકીના બોગસ બિલો મૂકી ઉપાડયા છે. નાળાના કામોમાં જૂના ચેક ડેમ હતા ત્યાં ફકત નાળા ગોઠવી ફોટા પાડી તાલુકા પંચાયતમાં સુપરવાઈઝરની મિલીભગતથી નાણા ઉપાડયા છે. જે હેતુથી જરૂરીયાત ઊભી થાય તેવો હેતુ સ્થળે જણાતો નથી. જયાં નાળાની જરૂરીયાત નથી. ત્યાં માત્ર નાણાનો દુરઉપયોગ થયો છે. જયાં ચેકવોલમાં માત્ર ૧૦ % નાણાનો ઉપયોગ થતા ગુણવત્તા ન જળવાતા એક જ વરસાદમાં તૂટી ગયેલ છે. તકલાદી માલ-સામાન વાપર્યો છે. અત્યારે શોભાના ગાંઠીયારૂપ દેખાય છે અને પ્લાસ્ટર ન દેખાતા પાણીને અટકાવીને ભવિષ્યમાં ખેતી માટે ઉપયોગમાં લઈ શકતો નથી. ચેકડેમ બનાવેલ ત્યાં સપાટ જમીન હોવાથી પાણી સંગ્રહ થઈ શકે તેમ નથી. આથી ઉચાપતનો હેતુ જણાય છે. પેવર બ્લોક પણ સરપંચના વગદારને ત્યાં બનાવી કયાંય રેતી મેટલ કે સીસી કામ કરેલ નથી. માત્ર પેવર બ્લોકના ફોટા પડાવીને કામો મંજૂર કરાવીને ગેરરીતિ કરાઈ હતી.

### સરપંચનો ચાર્જ સંભાળવવાની સાથે ગેરરીતિ શરૂ

અગાઉ ઘુસર ગ્રામ પંચાયતના તત્કાલીન સરપંચ બુનિબેન ભારતભાઈ ભાદરીયા સામે વિવિધ વિકાસના કામો સામે અસંતોષ વ્યકત કરીને અવિશ્વાસની દરખાસ્ત મંજૂર થઈ હતી. ત્યારબાદ ડે.સરપંચ રયજીભાઈ નારસિંહ હઠીલા એ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં સપરંચનો ચાર્જ સંભાળ્યો હતો. ત્યારબાદ લોકડાઉન જાહેર થયેલ છે. આ ચાર્જ સંભાળતા સરપંચ દ્વારા મનરેગાના કામોમાં ભ્રષ્ટાચાર આચરાયા હોવાનું કહેવાય છે. આ મનરેગા યોજના હેઠળ વિકાસના કામો કરવા અને લોકડાઉનમાં શ્રમિકોને રોજગારી આપવાની હોય છે. પરંતુ સરપંચ અને તલાટીની મિલીભગતથી મનરેગામાં ગેરરીતિ આચરાઈ હોવાનું કહેવાય છે.

### બોગસ બિલો રજૂ થયાની આશંકા

સરપંચ, તલાટીએ આવા કામો કરવા બિલો રજૂ કયા તે કોઈ પેઢી કે દુકાન પણ આવેલી નથી પોતાની મેળે બિલો છપાવીને બિલો રજૂ કરેલ છે. આ મુકાયેલા બિલોના દુકાનો / સપ્લાયર્સ / પેઢીઓ / કવોરીઓ / સિમેન્ટના વેપારીઓને ત્યાં રૂબરૂ જઈ તપાસ થાય તો આવા કોઈ વિક્રેતા નથી. જેથી સ્થળે રૂબરૂ તપાસ કરવી જોઈએ. જો વિક્રેતા હોય તો સરકારમાંથી મંજૂરી મેળવેલ છે કે કેમ ? તેઓ સરકારમાં ભરવાપાત્ર સેલ્સ ટેક્ષ/ એકસાઈસ ડયૂટી / સર્વિસ ટેકસ ભરેલ છે ?

જે સામાન માટેના બિલ આપ્યા છે. તે માલ ધરાવે છે કે અન્ય વેપારીઓ પાસેથી ખરીદે છે ? જો આ ગ્રામ પંચાયતે ગિરીરાજ ટ્રેડર્સ/સિટીઝન ઈન્ફોરમેશન બોર્ડ જેવી કોઈ વેપારી આવેલ નથી. જો હયાય હોય તો ખરેખર ઘંઘો કરેલ છે. આવી દુકાન/વેપારી પેઢીએ જીએસટી મેળવેલ છે કે કેમ ? સરકારમાં સેલ્સ ટેક્ષની રકમ ભરે છે કે કેમ તેની તમામ તપાસ થવી જોઈએ. કારણ કે રજૂ થયેલા બિલો તમામ બોગસ જણાય છે.

### શું તપાસ થવી જોઈએ

૧. જે કામના નિભાવેલ મસ્ટરમાં સમાવેશ જોબકાર્ડ ધારકોએ પોતે કામ કરેલ છે ?
૨. સરકારના એસ.ઓ.આર. પ્રમાણે એસ્ટીમેન્ટ બનાવવામાં આવેલ છે. જે એસ્ટીમેન્ટ પ્રમાણે કામ થયેલ છે ?
૩. જે તે કામ પૂરતી ગુણવત્તાસભર બનાવેલ છે ?
૪. જે સ્થળે કામ બનાવાયેલો છે. ત્યાં ખરેખર આ કામની જરૂરીયાત છે ?
૫. રજૂ કરેલ બિલ માટે વેપારી અસ્તિત્વમાં છે કે કેમ ? જો હોય તો ઘંઘો કરવાના સરકારની મંજૂરી છે ? જો મંજૂરી હોય તો ટેક્સની રકમ નિયમિતપણે ભરાય છે ? આ વેપારી ખરેખર આ પ્રકારનો વેપાર કરે છે ? જો હોય તો આવો માલ કયાંથી અને કેટલી માત્રામાં ખરીદ કર્યો ? આ સિવાય અન્ય કઈ કઈ ગ્રામ પંચાયતને અને કયારે અને કેટલી રકમના બિલો અપાયા છે ?
૬. જોબ કાર્ડના કઈ બેંકમાં અને કયારે ખાતા ખોલવામાં આવ્યા ? કયારે કયારે નાણા ઉપાડયા ? કેટલી રકમના નાણા ઉપાડયા ? કામો જે તે કાર્ડધારકે કરેલ છે કે કેમ ? જે જોબકાર્ડ પાસેથી ક્રોસ ચેકીંગ કરવું.
૭. જે કામ માટે ગ્રામ પંચાયતમાં ઠરાવ કરવામાં આવેલ છે. તે બાબતે ગ્રામ પંચાયતના સભ્યો જાણે છે ? મોટાભાગના ઠરાવો ગ્રામ પંચાયતના ઠરાવ બુકમાં સહીઓ લઈને ઉપલક ચર્ચા કરીને મીટીંગ પૂરી કરી દેવાઈ છે. જયારે ઠરાવો પાછળ થી સરપંચ અને તલાટી કમ મંત્રી ભેગા મળીને મન ફાવે લખતા હોય છે. ત્યારે આ ઠરાવો અંગેની સભ્યો પાસે જાણકારી છે તે બાબતોની તપાસ થવી જોઈએ.

## ગોધરા LCB પોલીસે અંકલેશ્વરની ચોરી કરેલ ટ્રકનો એન્જીન નંબર અને ચેસીસ નંબર બદલી સાચા તરીકે ઉપયોગ કરતા પાંચ ઈસમોને ૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેર અમદાવાદ રોડ ઉપર આવેલ એક ગેરેજમાં શંકાસ્પદ હાલતમાં ટ્રક રાખવામાં આવી છે. તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમ્યાન ચાર ઈસમો દ્વારા ચોરીની ટ્રકનો એન્જીન નંબર અને ચેસીસ નંબર બદલીને તેમજ ખોટા દસ્તાવેજો ઊભા કરી ચલાવવામાં આવતું મોટું કૌભાંડ ઝડપાયું છે. આ કિસ્સામાં ચાર ઈસમોની એલ.સી.બી. પોલીસે ઘરપકડ કરી છે.



પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા અમદાવાદ રોડ ઉપર આવેલ ન્યુ વેસ્ટર્ન મોટર્સ ગેરેજ ખાતે સીદ્દીક ઉર્ફે લાલો ટીપું ઈસ્હાક મીઠા, મુજફફર શબ્બીર દાવા, યાકુબ ઉર્ફે વેજલીયો અબ્દુલ સત્તાર પથીયા, સીરાજ ઈસ્માઈલ શેખ ઉર્ફે બળેલો ભેગા મળીને અંકલેશ્વર થી એલ.પી. ટ્રક ચોરી કરીને લાવેલ છે અને આ ટ્રક સોહિલ ગુલજાર પઠાણના ગેરેજ ઉપર રાખેલ છે. ટ્રક ચોરી લાવનાર ચાર ઈસમો તથા ગેરેજ ચલાવનાર અને નોકર ભેગા મળી જુની સ્કેપમાં આવેલ જુની તોડી નાખવામાં આવી હોય તેવી ટ્રકના રજીસ્ટ્રેશનના કાગળોમાં દર્શાવવામાં આવ્યા હોય તેવા ચેસીસ નંબર અને એન્જીન નંબર ડાય,હથોડી જેવા સાધનો દ્વારા ચોરીની ટ્રક ઉપર ઉપસાવી કાઢવાનું કૌભાંડ ઝડપાઈ જવા પામ્યું. એલ.સી.બી પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ ચાર ઈસ્મો સીદ્દીક ઉર્ફે લાલો મીઠા, મુજજફર દાવ, યુકુબ ઉર્ફે વેજલીયો, સીરાજ ઈસ્માઈલ એવા ચોરીના ટ્રક બનાવટી દસ્તાવેજો ઊભા કરીને સાચા તરીકે ઉપયોગ કરવાનું ષડયંત્ર ઝડપી પાડવામાં આવ્યું છે. એલ.સી.બી. પોલીસ દ્વારા ગેરેજ ઉપર થી ચોરીની ટ્રક સાથે એન્જીન તથા ચેસીસ નંબરની ફેરબદલી કરવાના સાધનો તથા ટ્રક ચોરી કરવામાં ઉપયોગમાં લેવામાં આવેલ એસેન્ટ કાર સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. ટ્રકની ચોરી કરી ચેસીસ નંબર, એન્જીન નંબર બદલી નાખવાના કૌભાંડમાં પકડાયેલ ઈસમો દ્વારા અગાઉ આવી રીતે કેટલા વાહનોની ચેસીસ નંબર અને એન્જીન નંબર બદલી નાખવાનું કૌભાંડ આચરી કેટલા વાહનો વેચવામાં આવ્યા તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

## લઘુમતિ સમાજના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અલ્પસંખ્યક નાણાં વિકાસ નિગમ તાત્કાલિક ગ્રાન્ટની ફાળવણી કરવા ગ્યાસુદ્દીન શેખની વિધાનસભામાં રજૂઆત

ગોધરા,

આજ રોજ વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારાલઘુમતિ સમાજના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અલ્પસંખ્યક નાણાં વિકાસ નિગમ તાત્કાલિક ગ્રાન્ટની ફાળવણી કરવા ગ્યાસુદ્દીન શેખની વિધાનસભામાં રજૂઆત કરવામાં આવી હતી. રાજયના અલ્પસંખ્યક વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આપવામાં આવતી ગ્રાન્ટ ચાલુ વર્ષે હજુ સુધી રાજય સરકાર દ્વારા આપવામાં આવી નથી. ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગૃહમા રૂબરૂ લેખિત રજૂઆત દ્વારા જણાવ્યું હતું કે ચાલુ વર્ષેની ગ્રાન્ટ સરકારે ગયા વર્ષની વણવપરાયેલી ગ્રાન્ટનું કારણ આગળ ધરી આજદિન સુધી નાણા ફાળવેલ નથી. જે સામાન્ય રીતે માર્ચ એપ્રિલ માસમાં ફાળવવાના હોય છે. ચાલુ વર્ષની ગ્રાન્ટ ન ફાળવવાના કારણે ખાસ શૈક્ષણિક હેતુ માટે દર વર્ષે હપ્તેથી લોનની રકમ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આપવામાં આવતી હોય છે. જે ભારતમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં સરકારની સૂચનાને કારણે ફી ભરવાનુ ભારણ હાલ પૂરતું ટળેલ છે.જે હપ્તાની રકમ સામાન્ય રીતે એપ્રિલ માસમાં દરેક વિદ્યાર્થીએને ફી ભરવા માટે મળી જતી હોય છે, પરંતુ ચાલુ વર્ષે આ હપ્તાની રકમ અલ્પસંખ્યક નાણા વિકાસ નિગમ તરફથી ગ્રાન્ટ ન હોવાનુ કારણ આગળ ધરી આજદિન સુધી વાલીઓને આ રકમ સરકાર તરફથી ન મળતાં વાલીઓ મુશ્કેલીમાં મુકાયા છે અને વિદેશમાં (ડોક્ટર,ઇજનેર,પી.એચ.ડી. જેવા) ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ કોરોના મહામારીના કપરા સમયે ફીની રકમ ભરવા સક્ષમ ન હોવાથી તેમનો અભ્યાસ બગડવાની પુરેપુરી શક્યતા હોવાથી સરકાર દ્વારા ત્વરિત યોગ્ય કાર્યવાહી કરવામા આવે તેવી ઘટતું કરવા ગ્યાસુદ્દીન શેખે નમ્ર અરજ કરી છે. જોવું રહ્યું કે સરકાર આ મુદ્દે વિદ્યાર્થીઓના હિતમાં કેવા સકારાત્મક પગલાં ભરે છે.

## પંચમહાલ જિલ્લામાં પોષણમાહ ઉજવણી અંતર્ગત પૌષ્ટિક વાનગીઓની હરિફાઈ યોજાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં બાળકો અને સગર્ભા-ધાત્રી માતાઓમાં પોષણની સ્થિતિ સુધારવાના પોષણ માહ અભિયાનની થઈ રહેલ ઉત્સાહભેર ઉજવણી અંતર્ગત આજે પોષક વાનગીઓની હરિફાઈ યોજાઈ હતી. જનસામાન્યમાં પોષણયુક્ત ખોરાક અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી એક નવતર પ્રયોગના ભાગરૂપે પૌષ્ટિક વિસરાતી વાનગી અથવા ટીએચઆરનો ઉપયોગ કરી વાનગીઓ બનાવવાની આ સ્પર્ધામાં ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી એ.જે.શાહે ઉપસ્થિત રહી નિદર્શિત કરાયેલ વાનગીઓનું નિરીક્ષણ કર્યું હતું તેમજ કુપોષણ સામેની લડાઈમાં બાળકોને ભાવે તેવી રેસીપીઓ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

વિકસાવવાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા અપાતા પોષણયુક્ત આહારના પેકેટમાંથી સ્વાદની રીતે પણ મોટા પાયે સ્વીકાર્ય બને તેવી વાનગીઓ બનાવવાની હરિફાઈ બાળકો અને સગર્ભા માતાઓને ભાવે તેવી પૌષ્ટિક રેસીપીઓના આદાન-પ્રદાન માટે એક પ્લેટફોર્મ પૂરૂ પાડવાનો સુંદર પ્રયાસ છે. જિલ્લામાં કુપોષણ સામેની લડાઈમાં અતિ અગત્યની ભૂમિકા ભજવતી આંગણવાડીની બહેનો બાળકોને ભાવે તેવી પોષકતત્વોથી ભરપૂર એવી અવનવી વાનગીઓની નવીન રેસીપીઓથી પરિચિત થાય, આ રેસીપીઓ વધુ પ્રચલિત થાય તે માટે આ તંદુરસ્ત હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ઉપસ્થિત આંગણવાડી કાર્યકર્તાઓને પોષક તત્વો જળવાઈ રહે તે રીતે બાળકો વધુને વધુ પ્રમાણમાં સ્વીકારે તેવી નવી રેસીપીઓ વિકસાવવા-તેમનો મહત્તમ પ્રચાર-પ્રસાર કરવા જણાવ્યું હતું. જિલ્લાના સાત તાલુકાઓમાંથી ૩૦ જેટલી આંગણવાડી કાર્યકર્તાઓ અને કિશોરીઓની ટુકડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જિલ્લામાંથી શ્રેષ્ઠ દસ એન્ટ્રીઓને રાજયકક્ષાએ મોકલવામાં આવશે. સમિતી દ્વારા આ એન્ટ્રીઓમાંથી નવીનતા, સ્ટેપલ ફૂડનો ઉપયોગ, સ્વીકાર્યતા, બનાવવાની પદ્ધતિ, પોષણના મૂલ્યો સહિતની બાબતોના આધારે આ એન્ટ્રીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શાહે આંગણવાડી બહેનોને કોરોના દરમિયાન રાખવાની થતી કાળજીઓ અંગે અને લક્ષણો દેખાયે નજીકના કેન્દ્ર પર જઈ ટેસ્ટ કરાવવા બાબતે પણ તાકીદ કરી હતી. આ પ્રસંગે ડેપ્યુટી ડીડીઓ ભાભોર, આરસીએચઓ પી.કે. વાસ્તવ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ.પટેલ, જિલ્લાના ન્યુટ્રીશન્ટ કન્સલ્ટન્ટ સહિતના અધિકારીઓ તેમજ આંગણવાડી કાર્યકર્તાઓ અને કિશોરીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જિલ્લામાં આગામી ૨૬મી સપ્ટેમ્બરે ઈ-લોક અદાલત યોજાશે

ગોધરા,

કોવિડ-૧૯ સંક્રમણને ધ્યાને લઈ જિલ્લાની તમામ તાલુકા કોર્ટો દ્વારા લોક-અદાલતનું આયોજન શક્ય ન હોવાથી ઈ-લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૬/૦૯/૨૦૨૦ના શનિવારના રોજ ઈલેક્ટ્રોનિક માધ્યમથી આ ઈ-લોક અદાલત યોજવામાં આવશે. આ ઈ-લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિયેબલ એક્ટ મુજબના કેસો, ફકત નાણાની વસૂલાતના કેસો, વાહન અકસ્માતના વળતરના કેસો, લેબર તકરારના કેસો, ઈલેક્ટ્રેસિટી તેમજ વોટર બિલને લગતા કેસો, લગ્ન વિષયક કેસો, જમીન સંપાદનના કેસો, નોકરી વિષયક જેવા કે નિવૃતિના લાભો, પગારભથ્થાને લગતા કેસો, મહેસૂલને લગતા કેસો અન્ય સિવીલ કેસો જેવા કે ભાડા, સુખાધિકારના અધિકાર, મનાઈ હુકમ, વિશિષ્ટ પાલનના દાવા વગેરેના કેસો ઉપરાંત ખોરાકીના કેસો મૂકવામાં આવશે. આ ઈ-લોક અદાલતમાં પક્ષકારોએ કે વકિલઓએ કોવિડ-૧૯ની મહામારીના કારણે અદાલતોમાં રૂબરૂ ઉપસ્થિત કે હાજર રાખ્યા વગર સોશિયલ ડિસ્ટન્સના સિદ્ધાંતનું પાલન કરી તથા ઈલેક્ટ્રોનિક માધ્યમો જેવા કે વિડીયો કોન્ફરન્સ વગેરેનો મહત્તમ ઉપયોગ કરી સમાધાન રાહે ઈ-લોક અદાલતમાં મૂકવામાં આવેલ કેસો ફેંસલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આ નવીન પ્રક્રિયા અંગે વધુ માહિતી મેળવવા અંગે અને પોતાનો કેસ ઈ-લોક અદાલતમાં મૂકાવવા માટે પક્ષકારો-વકીલોએ તેમનો કેસ જે-તે વિસ્તારની કોર્ટમાં આવતો હોઈ ત્યાની કાનૂની સેવા સંસ્થાનો સંપર્ક કરી શકે છે.